તા.૧૬/૦૨/૨૦૨૪

**માન.ધારાસભ્યશ્રી–૨**
**માન. ધારાસભ્યશ્રીનું પ્રવચન**
**શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ**

**માનનીય અધ્યક્ષશ્રી,**

**માન. મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલ સાહેબના નેતૃત્વમાં માન.મંત્રીશ્રી બલવંતસિંહ રાજપુત, શ્રમ, કૌશલ્ય અને રોજગાર વિભાગની અનુદાનો માટેની માંગણીઓ પૈકી માંગણી ક્રમાંક ૪૯, ૫૦, ૫૭, ૭૮, ૭૯ લઇને આવ્યા છે. તેમાં હું મારા વિચારો રજૂ કરૂં છું.**

**માનનીય અધ્યક્ષશ્રી,**

માન. વડાપ્રધાનશ્રીના કન્યા કેળવણીના અભિગમના પરિણામ સ્વરૂપે દરેક ક્ષેત્રમાં મહિલાઓની ભાગીદારી વધી છે. પીરીયોડિક લેબર ફોર્સ સર્વેના સપ્ટેમ્બર–૨૩ અંતિત ત્રિમાસિક અહેવાલ મુજબ સમગ્ર ભારતમાં ૧૫ થી ૨૯ વર્ષના વયજૂથમાં મહિલા શ્રમિકોની ભાગીદારીમાં ગત

વર્ષની સરખામણીમાં ગુજરાતે ૧૧મા સ્થાનેથી આગળ વધીને છઠ્ઠો ક્રમ પ્રાપ્ત કર્યો છે. એટલું જ નહીં રોજગારીની તકો વધતા ગુજરાતે પુરૂષ શ્રમિકોની ભાગીદારીમાં દેશમાં પ્રથમ ક્રમ પ્રાપ્ત કરેલ છે. જે રાજ્યની શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગની સર્વગ્રાહી નીતિને આભારી છે.

**રાજ્ય સરકાર દ્વારા લેબર ફોર્સ પાર્ટીસીપેશન રેટમાં મહિલાઓનો ફાળો વધે અને જેન્ડર ગેપ ઘટે તે માટે અસરકારક નિર્ણયો લેવામાં આવ્યા છે.**

**માનનીય અધ્યક્ષશ્રી,**

ખાનગી ક્ષેત્રમાં કામ કરતી મહિલા શ્રમયોગીઓ માટે રાજ્ય સરકાર દ્વારા સમાન વેતન અધિનિયમ અસરકારક અમલીકરણ કરવામાં આવી રહેલ છે. જે અન્વયે સમાન વેતન અધિનિયમ હેઠળ જાન્યુઆરી ૨૦૨૩ થી ડિસેમ્બર- ૨૦૨૩ સુધીમાં ૫૮૪૮ નિરીક્ષણો કરવામાં આવેલ છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

મેટરનીટી બેનીફીટ એક્ટનું અસરકારક અમલીકરણ કરવામાં આવે છે. તમામ આઇ.ટી.આઇ. માં મહિલાઓ માટે વ્યવસાય દીઠ ૩૩% બેઠકો અનામત રાખવામાં આવેલ છે. ૫૦ આઈ.ટી.આઈ.માં મહિલા વીંગ કાર્યરત છે. કુલ–૮૦ આઈ.ટી.આઈ.માં ૧૧,૫૨૮ બેઠકો મહિલાઓ માટે મંજૂર કરવામાં આવેલ છે. તેમજ ઉપલી વય મર્યાદામાં છૂટછાટ આપવામાં આવેલ છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

મહિલાઓને એપ્રેન્ટીસ તરીકે ભરતી થવા પ્રોત્સાહિત કરવા મુખ્યમંત્રી એપ્રેન્ટીસશીપ યોજના અંતર્ગત આપવામાં આવતા લાભ ઉપરાંત પ્રતિ મહિલા એપ્રેન્ટીસ, પ્રતિ માસ રૂ.૧૦૦૦/– નું પ્રોત્સાહન આપવાની યોજના વર્ષ ૨૦૨૩–૨૪ થી અમલમાં મૂકવામાં આવેલ છે.

મધ્યમ અને ગરીબ કુટુંબના તથા ગ્રામ્ય વિસ્તારમાંથી આવતા એપ્રેન્ટીસોને એકમોમાં એપ્રેન્ટીસ તાલીમ અર્થે જવા–આવવા માટે વિના મૂલ્યે બસ પાસની યોજના વર્ષ ૨૦૨૩–૨૪થી અમલમાં મૂકવામાં આવેલ છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

આમ શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગના હકારાત્મક અને અસરકારક પગલાના લીધે રાજ્યમાં મહિલાઓનો લેબર ફોર્સ પાર્ટીસીપેશન રેટમાં વધારો થયેલ છે. અને જેન્ડર ગેપ ઘટેલ છે. એટલે કે મહિલા સશક્તિકરણની દિશામાં રાજ્યએ આગેકૂચ કરેલ છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ દ્વારા સગર્ભાવસ્થા દરમ્યાન સ્ત્રીઓ કામ કરી શકતી નથી. જેથી તેઓ આર્થિક મુશ્કેલી અનુભવે છે. નોંધાયેલા મહિલા બાંધકામ શ્રમિકને સગર્ભાવસ્થા

દરમ્યાન નાણાકીય સહાય મળી રહે તે માટે **<u>પ્રસુતિ સહાય યોજના</u>** અમલમાં છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

રાજ્ય સરકાર દ્વારા શ્રમયોગીઓના સ્વાસ્થ્ય અને તેમની આર્થિક સ્થિતિની ચિંતા કરીને તેમને નજીવી કિંમતે પૌષ્ટિક ભોજન મળી રહે તે હેતુથી વર્ષ ૨૦૧૭થી શ્રમિક અન્નપુર્ણા યોજના અમલમાં મુકવામાં આવી છે. જેમાં તેમને ફક્ત રૂા. ૫ માં પૌષ્ટિક ભોજન પુરો પાડવામાં આવે છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

નોંધાયેલા મહિલા બાંધકામ શ્રમિકને રૂપિયા ૩૭,૫૦૦/-ની સહાય તથા નોંધાયેલા બાંધકામ શ્રમિકની પત્નીને રૂ.૬૦૦૦/-ની સહાય આપવામાં આવે છે. આ યોજના અંતર્ગત અત્યાર સુધી ૧૪,૮૨૩ લાભાર્થીઓને રૂપિયા ૧૭.૭૬ કરોડની સહાય આપેલ છે. વર્ષ ૨૦૨૪-૨૫માં આ યોજના માટે રૂા. ૬.૨૫ કરોડની જોગવાઈ કરેલ છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

“દીકરી વધાવો દીકરી ભણાવો”ના ઉદ્દેશ સાથે સ્ત્રી ભ્રૂણ હત્યા અટકાવવા તથા બાંધકામ શ્રમિકોની દીકરીને શિક્ષણ તથા લગ્નના ખર્ચાને પહોચી વળવા સાથેના હેતુથી **મુખ્યમંત્રી ભાગ્ય લક્ષ્મી બોન્ડ યોજના** અમલમાં મુકવામાં આવેલ છે. બાંધકામ શ્રમિકની દીકરીના નામે હાલમાં રૂ. ૨૫,૦૦૦/- ની રકમના બોન્ડ ૧૮ વર્ષની મુદ્દત માટે મુકવામાં આવે છે, જે રકમ દીકરી દ્વારા ૧૮ વર્ષની વય પૂરી થતા ઉપાડી શકાય છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

આ યોજના અંતર્ગત અત્યાર સુધી ૪૨૩૮ લાભાર્થીઓને રૂપિયા ૫.૮૭ કરોડની સહાય આપેલ છે. વર્ષ ૨૦૨૪-૨૫માં આ યોજના માટે રૂા. ૧.૮૭ કરોડની જોગવાઈ કરેલ છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

બાંધકામ શ્રમિકનું પણ પોતાનુ ઘર બનાવવાનું સપનું સાકાર થઈ શકે તે માટે ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ દ્વારા **હાઉસીંગ સબસીડી યોજના** અમલમાં છે. જે અંતર્ગત રૂ.૧,૫૦,૦૦૦/-ની સહાય પૂરી પાડવામાં આવે છે.

જે બાંધકામ શ્રમિકોએ પોતાનાં મકાન ખરીદી માટે મહત્તમ રૂ.૧૫.૦૦ લાખ સુધીની લોન લીધેલ હોય તેઓને પાંચ વર્ષ સુધી રૂ.૩૦,૦૦૦/-ની સહાય પુરી પાડવામાં આવે છે, આમ કુલ રૂ. ૧.૫ લાખની સહાય આપવામાં આવેલ છે. વર્ષ: ૨૦૨૪-૨૦૨૫માં આ યોજના માટે ૫૦ લાખની જોગવાઈ કરેલ છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

નોંધાયેલા બાંધકામ શ્રમિક અને તેમના બાળકોની કારકિર્દીના ઘડતર માટે તથા કૌશલ્ય શિક્ષણમાં બાંધકામ શ્રમિકનું બાળક પણ આગળ વધે અને રોજગારીની તક મેળવી શકે તે માટે બાંધકામ બોર્ડ દ્વારા **કુશળ શ્રમિક સહાય યોજના** અમલમાં છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

રાજ્ય સરકારે શ્રમિકોના પરિવારોની પણ ચિંતા કરીને જો કોઈ શ્રમિકનું કુદરતી મુત્યુ થાય તો તેવા કિસ્સામાં તેના પરિવારને સહાયરૂપે રૂા.૨ લાખનું વીમા કવચ **પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા યોજના** હેઠળ મળી રહે તે હેતુથી વાર્ષિક રૂા.૪૩૬/-રૂપિયાનું પ્રીમીયમ રીએમ્બર્સ કરવામાં આવે છે. આ યોજના અંતર્ગત અત્યાર સુધીમાં ૨૦૨૪ લાભાર્થીઓને લાભ મળેલ છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

બાંધકામ વ્યવસાયમાં રોકાયેલા શ્રમયોગીઓનું બાંધકામ સાઇટ પર અકસ્માતે મૃત્યુ થાય અથવા કાયમી અપંગતા આવે તેવા કિસ્સામાં રૂા. ૧ લાખ અને આંશિક અપંગતા આવે તેવા કિસ્સામાં રૂા. ૫૦ હજારની આર્થિક સહાય પૂરી પાડવાના હેતુથી **અકસ્માત મૃત્યુ સહાય યોજના** અમલમાં મુકવામાં આવેલ છે. આ યોજના અંતર્ગત અત્યાર સુધીમાં ૪૯૩ લાભાર્થીઓને કુલ રૂ. ૧૩.૮ કરોડની સહાય આપવામાં આવેલ છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

બોર્ડમાં નોંધાયેલ બાંધકામ શ્રમિકનું ચાલુ મેમ્બરશીપ દરમ્યાન મૃત્યુ થાય તો વારસદારને રૂ.૧૦,૦૦૦/-ની **અંત્યેષ્ઠી સહાય** આપવામાં આવે છે. આ યોજના અંતર્ગત અત્યાર સુધીમાં કુલ ૧૧૫૬ લાભાર્થીઓને કુલ રૂ. ૭૧.૭૬ લાખની સહાય આપવામાં આવેલ છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

બાંધકામ શ્રમિકોને અસામાન્ય સંજોગોમાં કામગીરી કરવાની થતી હોવાથી વિવિધ તકલીફો માટે બોર્ડ દ્વારા **વ્યવસાયિક રોગોમાં સહાય યોજના** અમલમાં છે. આ યોજનાનો લાભ ૨૩ પ્રકારની ઈજાઓ હેઠળ બાંધકામ શ્રમિકોને ૯૦ ટકા થી ૧૦૦ ટકા સુધીની અપંગતા હોય તો માસિક રૂ.૩૦૦૦/- ની આર્થિક સહાય રૂ. ૩ લાખની મર્યાદામાં આપવામાં આવે છે. આ યોજના અંતર્ગત અત્યાર સુધીમાં ૭૦૯ લાભાર્થીઓને કુલ રૂ. ૭.૬ કરોડની સહાય આપવામાં આવેલ છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

નોંધાયેલ બાંધકામ શ્રમિકને મુસાફરી ખર્ચ પેટે મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ સર્વિસીસનો રાહત દરનો પાસ પૂરુ પાડવાના હેતુથી **શ્રમિક પરિવહન યોજના** અમલમાં મુકવામાં આવેલ છે. આ યોજના અંતર્ગત નોંધાયેલ બાંધકામ શ્રમિકને કડિયાના કામથી કામના સ્થળે આવવા-જવા માટે રાહત દરે મ્યુનિસિપલ કોર્પોરેશન

મારફત બસનો પાસ મળવાપાત્ર છે. આ યોજનામાં ૮૦% બોર્ડ દ્વારા ચુકવવામાં આવે છે તથા ફક્ત ૨૦% લાભાર્થીએ ચૂકવવાના રહે છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

ભારત સરકારના "ગ્રીન ઈન્ડિયા મિશન"ને સાર્થક કરવા બાંધકામ શ્રમયોગી કે તેમના કુટુંબના સભ્યને બેટરી સંચાલિત દ્વિ-ચક્રીય વાહન ખરીદવા સબસીડી આપવા **ગો-ગ્રીન શ્રમિક યોજના** અમલમાં છે. આ યોજના હેઠળ ઈલેકટ્રીક દ્વી-ચક્રી વાહનની ખરીદી પર રૂ.૩૦,૦૦૦/- ની મર્યાદામાં સબસીડી આપવામાં આવે છે. આ ઉપરાંત રજિસ્ટ્રેશન ફી અને રોડ ટેક્સ ની રકમ બાંધકામ શ્રમયોગી વતી RTO કચેરી તથા સબંધિત સ્થાનિક સત્તામંડળ ખાતે બાંધકામ બોર્ડ દ્વારા ભરવામાં

આવે છે. ૨૯૧ લાભાર્થીઓએ આ યોજના હેઠળ લાભ મેળવેલ છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ દ્વારા વિવિધ શ્રમિક કાયદાઓનું અમલીકરણ તથા શ્રમિકો માટેની વિવિધ કલ્યાણકારી યોજનાઓના અમલીકરણ માટે માન. મંત્રીશ્રી (શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર) દ્વારા શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ માટે બજેટ જોગવાઈ માટે જે માંગણીઓ રજુ કરેલ છે, જેને હું આવકારું છું. તથા આનંદની લાગણી વ્યક્ત કરી આ બજેટને મારું સમર્થન આપું છું.